# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૮ : અંક–૧૮૭ વર્ષ - ૧૬ : એપ્રિલ–૨૦૧૩

## કારતક વદ ૨, ગુરુવાર તા. ૧૬-૧૧-૧૯૭૮. બહેનશ્રીનાં વચનામૃત–૩૮૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન–૧૫૨

*ગતાંકથી ચાલુ...*



કહે છે, કે ઉત્પાદ-વ્યય-ધ્રુવ જે છે એ ત્રણનો વિચાર છોડીને એક ધ્રુવ તરફ જા. જ્યાં કાયમ બિંબ પડ્યો છે. જિનબિંબ. ભગવાન આત્મા ધ્રુવ તો જિનબિંબ છે. વીતરાગબિંબ છે. આહા..હા..! સાક્ષાત્ ભગવાન શક્તિ સમૂહ પિંડ છે. એ ભગવાનસ્વરૂપી પ્રભુ આત્મા છે. આહા..હા..! અરે..! એનો વિશ્વાસ ક્યારે આવે ? આહા..હા..! એ વસ્તુ ધ્રુવ ઉપર દૃષ્ટિ લગાડતા એ ધ્રુવનો ભરોસો, વિશ્વાસ સમ્યગ્દર્શન થાય છે. એ વિના બધું થોથા છે. આહા..હા..! એ શાસ્ત્રમાં આવ્યું કે ઉત્પાદ-વ્યય-ધ્રુવ તે આત્મા છે, એ સત્ છે. આહા..હા..! અને ધ્રુવમાં અનંત ગુણ ભરેલા છે. પણ ભરેલા છે એ પ્રતીતમાં આવ્યા વિના ભરેલા ક્યાંથી આવ્યા ? એ તો ધારણાના જ્ઞાનમાં લીધું એટલું. સમજાણું કાંઈ ? આહા..હા..!

એ ત્રિકાળ ધ્રુવસ્વરૂપ જે અનંત ગુણથી ભરેલો છે, એને ધ્યેય બનાવીને ત્યાં રોકાય જા. દૃષ્ટિને ત્યાં સ્થાપ. કેમકે સ્થિર છે તો દૃષ્ટિ ત્યાં ટકે છે. પર્યાય અસ્થિર છે તો દૃષ્ટિ ત્યાં નથી ટકતી. માટે પર્યાયની દૃષ્ટિ છોડાવીને... આહા..હા..! એમાં પર્યાય છે પણ એ તો અસ્થિર અને પલટતી દશા છે. એમ કહ્યું ને ? પલટતી પર્યાય ઉપર દૃષ્ટિ લગાડતા દૃષ્ટિ ત્યાં ક્યાં જામે છે ? આહા..હા..! જે ધ્રુવ છે... આહા..હા..! એ રાજકુમારો આઠ વર્ષની ઉંમરના, ચક્રવર્તીના દીકરા, તીર્થંકરના દીકરા જે સમકિત પામે, બાપા ! ધ્રુવ ઉપર થાપ મારી અંદરથી. આહા..હા..! અને આનંદ જ્યાં આવ્યો... આહા..હા..! બાકી લૂખું (લાગે), રાજ-પાટ બધું લૂખું (લાગે). આહા..હા..!

અનંત અનંત ગુણથી ભરેલો ધ્રુવ પ્રભુ, એ ધ્રુવમાં દૃષ્ટિ લગાડતા, એ શક્તિમાંથી અનંત ગુણની વ્યક્તતા પ્રગટી, આનંદનો સ્વાદ આવ્યો. આહા..હા..! એ સાંભળવાથી નથી આવ્યો. આહા..હા..! આઠમી ગાથામાં તો એમ કહ્યું ને ? હું નિશ્ચય અને વ્યવહારને જાણનાર બે રથ .. એ આચાર્ય કહે છે. જેને આત્મા કહો એ કહે છે અથવા બીજો એ પણ કહે છે. નિશ્ચય આત્માનો આશ્રય છે અને વિકલ્પમાં વ્યવહારમાં આવ્યો છે. એ કહે છે, કે ભાઈ ! દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય એ આત્મા. એ આત્મા જે દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત

થયો. એવો ભેદ બતાવ્યો. અને શિષ્યે સાંભળ્યું પણ ખરું. સમજાણું કાંઈ ? પણ કહ્યું કે મેં ભેદથી કહ્યું એ મારે પણ અનુસરણ કરવા લાયક નથી અને તને પણ ભેદથી સંભળાવું છું તો તારે પણ ભેદ અનુકરણ કરવા લાયક નથી. આહા..હા..! હું ભેદથી સંભળાવું છે, તો મને પણ અનુકરણ કરવા લાયક નથી, જાણવાલાયક છે. અનુકરણ કરવાનું તો દ્રવ્યનું છે. આહા..હા..! અને તને પણ તારા અનુગ્રહને કારણે ભેદથી કહ્યું, એનાથી તારું કલ્યાણ થશે... આહા..હા..! એમ નથી.

જ્યાં ભગવાન ધ્રુવપણે અંદર બિરાજે છે... એ કહે છે ને ? જુઓ ? **'અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે.'** આહા..હા..! ઓરડા ભર્યા છે અંદર. ઓરડા-ઓરડા. આ તમારી હિન્દી ભાષામાં કમરા કીધા. આપણી ગુજરાતી ભાષામાં ઓરડા કહે છે. આહા..હા..! એક એક ઓરડામાં અનંતી શક્તિ, અનંતી પર્યાયની તાકાત એક એક ગુણમાં (ભરી છે). અનંતી શક્તિ અને અનંતી પર્યાય, બે વાત લીધી. જુઓ ! ભાઈ ! 'નિયમસાર'માં બે-ત્રણ ઠેકાણે એક-એક ગુણમાં અનંતી શક્તિ અને અનંતી પર્યાય છે. એમ બે વાત (લીધી) છે. અનંતી શક્તિ વર્તમાન. આહા..હા..! 'ચિદ્વિલાસ'માં લીધું છે. ખબર છે ? નથી. 'ચિદ્વિલાસ'માં બે-ત્રણ ઠેકાણે છે.

ભગવાન આત્મા જેમાં અનંત ગુણના ઓરડા–કમરા. એટલે એક એક ગુણમાં અનંતી તાકાત છે. અનંત ગુણના રૂપ એ અનંતી તાકાત છે. પોતામાં રહેવું અને પરથી ન હોવું, બીજા ગુણથી ન થવું, અનંત ગુણથી ન હોવું, પોતામાં રહેવું એવી અનંતી તાકાત એક એકમાં છે. અને પરરૂપે ન થવું છતાં પરના રૂપપણે હોવું... આહા..હા..! ભગવાન જ્ઞાનના ઓરડા. આ તો ઓરડા કીધા ને ? એક ગુણ ને અનંતા ઓરડા. એમ એક એક ગુણમાં અનંત ગુણનો એમાં અભાવ, એવો નાસ્તિત્વ ધર્મ એકમાં. અને એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ–અસ્તિત્વ. આહા..હા..! શું કહ્યું ? આહા..હા..!

**'તેમાં અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે.'** એક એક ગુણના ઓરડા આહા..હા..! એવા અનંતા ગુણના ઓરડા. એક એક આત્મામાં અનંત ગુણ અને એક એક ગુણમાં અનંતુ રૂપ અને એક એક ગુણમાં અનંત ગુણનો નાસ્તિભાવ. છે. આહા..હા..! અનંતુ થયું ને ? ભાઈ ! એક ગુણમાં અનંત. એક ગુણ અનંત ગુણરૂપે નથી એવું નાસ્તિત્વ અને એક ગુણમાં અનંત ગુણનું રૂપ. જ્ઞાન છે તો પોતાથી છે એવું અસ્તિત્વરૂપ. અસ્તિત્વગુણરૂપ નહિ, અસ્તિત્વગુણનો એમાં અભાવ છે. આહા..હા..! પણ એવું જ્ઞાન છે, એવું અસ્તિત્વરૂપ પોતાથી છે. આવી વાતું બહુ આકરી બાપા ! દ્રવ્ય-ગુણ-પર્યાયની હજી તો ખબરું ન મળે.

**'તેનું કાયમ રહેનારું સ્વરૂપ ખાલી નથી, ભરપૂર ભરેલું છે.'** કેમ ? **'તેમાં અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે.'** આહા..હા..! અનંત ગુણરૂપી ઓરડા, એમાં એક એક ગુણ અનંત શક્તિરૂપે ઓરડો. છે કે નહિ ? આહા..હા..! અને એ 'ચિદ્વિલાસ'માં લીધું છે, ભાઈ ! પહેલા એક ફેરી વાત થઈ ગઈ છે. એક એક ગુણમાં અનંતી શક્તિ અને એક એક ગુણમાં અનંતી પર્યાય. એ બે બોલ ભિન્ન લીધા છે. સમજાણું કાંઈ ? 'ચિદ્વિલાસ' નથી. આહા..હા..! એક એક ગુણ એવા અનંત ગુણ. અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંત ગુણ. અને એક એક ગુણમાં અનંતી શક્તિ. પરગુણરૂપે ન થવું. પરગુણના અભાવરૂપ રહેવું. અને પરગુણનું જે સ્વરૂપ છે એવા રૂપપણે રહેવું... આહા..હા..! પરગુણપણે ન રહેવું. પણ અસ્તિત્વગુણ આદિ પરરૂપ પોતામાં રહેવું. એવા અસ્તિત્વ અનંતા ગુણો. આહા..હા..! એક એક ગુણમાં એનું રૂપ અને એક એક ગુણમાં અનંત ગુણની નાસ્તિ. આહા..હા..! એવા એક એક ગુણમાં અનંત અનંત શક્તિ અને સામર્થ્ય છે. આહા..હા..! એ ચૈતન્યચમત્કાર છે. આહા..હા..! પણ પર્યાય ઉપર દૃષ્ટિ હોવાથી વસ્તુ અંદર સમીપ પડી છે એની ખબર નથી. આહા..હા..! ઉત્પાદ-વ્યયની દૃષ્ટિથી... આહા..હા..!

'સમયસાર'ની બીજી ગાથામાં આવ્યું ને. **'કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી,...'** આહા..હા..! બીજી ગાથામાં આવ્યું છે. કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ રાગથી ભિન્ન, પર્યાયથી ભિન્ન.

આહા..હા..! એવું જે ભેદજ્ઞાન તે કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ છે. શાસ્ત્રજ્ઞાન, સાંભળ્યું એ જ્ઞાન થયું માટે કેવળજ્ઞાનનું કારણ છે એમ છે નહિ. આહા..હા..! ગુરુએ કહ્યું અમારા ઉપર અનુગ્રહ કરીને, મહેરબાની કરીને અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. એ લક્ષમાં આવ્યું, પણ એથી આત્માનું જ્ઞાન થઈ ગયું (એમ નથી). આહા..હા..! અરે..રે...! આવું આકરું. ચાલનારને ચાલવું છે, દેખનારને અંદર દેખાડ્યું. આ... આ... આ... આ (વસ્તુ છે). સમજાણું કાંઈ ? તારો ધ્રુવ ભગવાન અંદર છે ને, ભાઈ ! અનંત અનંત ગુણનું રૂપ તારું છે ને. અરે..રે...! સાંભળવા મળે નહિ એને. એની મહિમાની ખબર ન મળે. આહા..હા..!

**'તેમાં અનંત ગુણરત્નો...'** ગુણ રત્નો. એના **'ઓરડા ભરેલા છે.'** આહા..હા..! આપણી ગુજરાતી ભાષામાં ઓરડા છે. ગુજરાતી છે, ભાઈ ! કમરા એટલે ઓરડા. આહા..હા..! **'તે અદ્‌ભુત ઋદ્ધિયુક્ત...'** આહા..હા..! **'તે અદ્‌ભુત ઋદ્ધિયુક્ત કાયમી સ્વરૂપ પર દૃષ્ટિ દે...'** આહા..હા..! જુઓ ! સાર આવ્યો. પહેલા એમ કહ્યું, કે વસ્તુ છે એ ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્ છે. હવે જે ધ્રુવ છે એ સ્થાયી છે. પર્યાય પલટે છે. પર્યાય પલટે છે અને આ સ્થાયી છે. સ્થાયી છે, સ્થિર છે તો એમાં એ ખાલી નથી. એ તો ભરેલો છે. અનંતા... અનંતા... અનંતા... ગુણની ઋદ્ધિથી ભરેલો છે. આહા..હા..! એ **'અદ્‌ભુત ઋદ્ધિયુક્ત...'** નિત્ય સ્વરૂપ ઉપર દૃષ્ટિ દે. આહા..હા..! એવું એને પહેલું જ્ઞાન કરાવ્યું. પણ દૃષ્ટિ દેવી છે તો એને ને ? આહા..હા..! દૃષ્ટિ દે એમ જણાવ્યું માટે એની દૃષ્ટિ થઈ ગઈ એની ?

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ નહિ. નહિ. પછી એના ઉપર લક્ષ જ નથી. એ ખ્યાલમાં આવ્યું એટલું, બસ.

આ ભગવાન આત્મા ધ્રુવ ઉપર દૃષ્ટિ દે, પ્રભુ ! આહા..હા..! તારા કલ્યાણનો, સુખનો પંથ પ્રગટશે. સુખનો ભંડાર ભગવાન આત્મા, અતીન્દ્રિય આનંદનો ભંડાર. એક ગુણ નહિ એવા અનંત ગુણનો ભંડાર. આહા..હા..! પર્યાયને, દૃષ્ટિને ત્યાં સ્થાપ એમ. પછી ઉત્પાદ-વ્યય પર્યાય લીધી. દ્રવ્યમાં અનંત ગુણનો ભંડાર ભરેલો છે. ત્યાં પર્યાય એટલે દૃષ્ટિ સ્થાપ. તે દૃષ્ટિ ઉત્પાદ-વ્યયવાળી છે. આહા..હા..! આવી વાત છે, બાપુ ! જૈનદર્શન સમજવું એ કોઈ અલૌકિક વાતું, બાપા ! જૈનદર્શન કોઈ પક્ષ નથી, વાડો નથી, વસ્તુનું સ્વરૂપ (છે). આહા..હા..! એ વસ્તુ જિનસ્વરૂપ... આહા..હા..! એમાં દૃષ્ટિ દે તો જૈન થા. આહા..હા..! જિન ઉપર દૃષ્ટિ દે તો જૈન થા. આહા..હા..! બાકી અમે જૈન છીએ... જૈન છીએ... ગમે તે નામ આપે. આહા..હા..!

કહ્યું ને એ ? 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન. પણ મત મદિરા કે પાન સો...' પર્યાયબુદ્ધિ, વ્યવહારબુદ્ધિ, નિમિત્તબુદ્ધિ, એ મતવાલા, અભિપ્રાયવાળા. આહા..હા..! 'મત મદિરા કે પાન સો, મતવાલા સમજે ન.' આહા..હા..! આવો માર્ગ એટલે લોકો એકાંત છે એમ કરીને કાઢી નાખે છે, ભાઈ ! એ દૃષ્ટિ આવી, પર્યાય આવીને ભેગી ? પલટતી પર્યાયને જેમાં ભંડાર ભર્યા છે તેમાં સ્થાપ. આહા..હા..! એ પર્યાય આવી ગઈ. આહા..હા..! પર્યાય ઉપર દૃષ્ટિ છે એ પર્યાયને દ્રવ્ય ઉપર સ્થાપ. આહા..હા..! ઝીણું બહુ, ભાઈ ! આહા..હા..! પણ વસ્તુનું સ્વરૂપ જ આવું છે, પ્રભુ ! શું કરવું ? આહા..હા..! એમાં વળી મશ્કરી કરે એ તો કે ઝીણું-ઝીણું કહીને તમને નહિ સમજાય. ઝીણું-ઝીણું કહીને. એ એમ કહે છે. એ આવ્યું હતું. સરળ છે એને ઝીણું-ઝીણું કહે છે. બાપા ! એ ઝીણું પોતે, ભગવાન પોતે ઝીણો છે ને. આહા..હા..! અરૂપી પ્રભુ ! આહા..હા..! શુભભાવને તો સ્થૂળ પરિણામ કીધા છો. કહો, સ્થૂળ ઉપયોગ જે દયા, દાન, વ્રત, ભક્તિ એને તો સ્થૂળ પરિણામ કીધા છે. છે તો એની પર્યાય વિકારી. પણ પરલક્ષવાળી છે એટલે સ્થૂળ પરિણામ છે. ભગવાન એનાથી સૂક્ષ્મ છે. એનાથી નહિ જણાય. આહા..હા..! એ સ્થૂળ પરિણામથી નહિ જણાય. જે પરિણામ શુભ છે એની દશાની દિશા પર છે. એને સ્વભાવની દશાની દિશા સ્વ છે. ત્યાં દૃષ્ટિને સ્થાપ. આહા..હા..! આવું છે.

**'તે અદ્‌ભુત ઋદ્ધિયુક્ત કાયમી સ્વરૂપ પર દૃષ્ટિ દે તો તને સંતોષ થશે...'** સંતોષ એટલે આનંદ થશે.

આહા..હા..! **'તો તને સંતોષ થશે...'** આનંદ થશે. આહા..હા..! જ્યાં ભંડાર ભરેલો છે ત્યાં દૃષ્ટિ સ્થાપ, તને આનંદ થશે. પર્યાય ઉપર દૃષ્ટિ સ્થાપતા તને દુઃખ થશે. આહા..હા..! પાછળના પેરેગ્રાફો બધા બહુ સારા છે. ૩૭૬, ૩૭૭, ૩૭૮... આહા..હા..!

**'તને સંતોષ થશે કે...'** શું સંતોષ થશે ? **'કે 'હું તો સદા કૃતકૃત્ય છું.'...'** વસ્તુએ તો કૃતકૃત્ય જ છે. એને કાર્ય કરવું પડે છે કે (એવું નથી). એ તો વસ્તુ કૃતકૃત્ય ત્રિકાળ જ્ઞાયક છે. આહા..હા..! કૃતકૃત્ય છે. આહા..હા..! **''હું તો સદા કૃતકૃત્ય છું.''** કોણ ? દ્રવ્ય, હોં ! હું ઇ. પર્યાય એમ કહે છે કે હું આ દ્રવ્ય જે છું એ તો કૃતકૃત્ય છું. આહા..હા..! આવી વાતું, બાપા ! આહા..હા..! અરે..! ભગવાન વયા ગયા, આ ભગવાન રહી ગયા. કહે છે,.. એક પેરેગ્રાફમાં કેટલું (ભર્યું છે) ! સહજ આવ્યું છે. એ કાંઈ લખ્યું નથી, લખાવ્યું નથી. આહા..હા..! અરે..! દીકરીઓએ, બહેનોએ લખી લીધું. આહા..હા..! અને એ બહાર આવ્યું, અને (ભાઈએ) બધું સરખું કર્યું. આહા..હા..!

**''હું તો સદા કૃતકૃત્ય છું.''** કોણ ? દ્રવ્ય, હોં ! સંતોષવાળી પર્યાય એમ કહે છે... આહા..હા..! પર્યાયમાં જે આનંદ થયો, શ્રદ્ધા થઈ, જ્ઞાન થયું, અંશે સ્થિરતા થઈ, એ એમ કહે છે કે આ વસ્તુ તો કૃતકૃત્ય છે. દ્રવ્યમાં કાંઈ નવું કરવાનું છે કે કોઈ કાર્ય બાકી છે એમ નથી. એ તો કૃતકૃત્ય જ છે. આહા..હા..! હવે **''હું તો સદા કૃતકૃત્ય છું.''** આહા..હા..! **'તેમાં ઠરતાં...'** જે દ્રવ્ય વસ્તુ છે, એની દૃષ્ટિ થતાં જે આનંદ થયો, એ આનંદની પર્યાય અને જ્ઞાનની પર્યાય પ્રગટી, એ પર્યાય એમ માને છે, જાણે છે કે આ હું દ્રવ્ય સદા કૃતકૃત્ય છે. આહા..હા..! દ્રવ્યને કાંઈ કરવું છે તો દ્રવ્ય છે ? આહા..હા..! હું તો કૃતકૃત્ય છું એમ કોણ જાણે છે ? પર્યાય. આહા..હા..! આ હું કૃતકૃત્ય છું. આહા..હા..! **'તેમાં ઠરતાં તું પર્યાયે કૃતકૃત્ય થઈશ.'** આહા..હા..! જુઓ ! કેટલો ન્યાય ! સમજાણું કાંઈ ? ઓલા ભાઈનો કાગળ આવ્યો છે. આપણો ભાઈ આવ્યો હતો ને આ 'ભાવનગર'નો, નહિ ?

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા. ભાઈએ કીધું પછી આપણે આપ્યું.

મુમુક્ષુ :– ખાલી પુસ્તક આપી દીધું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ભાઈ અર્ધમાગધીના પ્રોફેસર. એનો કાગળ આવ્યો. આપણે 'બહેન'નું પુસ્તક આપ્યું છે ને ? કાગળ આવ્યો છે. એટલી ખુશી બતાવી છે. આહા..હા..! અરે..રે..! ત્યાંથી નીકળવું મને ગોઠતું નહોતું. મને આ વાંચીને મારી વાત શું કરું ? હું ખુશી-ખુશી. મોટો અર્ધમાગધીનો પ્રોફેસર છે. આહા..હા..! કાલે કાગળ આવ્યો છે, હોં ! ત્યાં પડ્યો હશે. આહા..હા..! અરે..! આમાં તો ભણ્યાના અભિમાન હોય એના પાણી ઊતરી જાય એવું છે. આહા..હા..!

શું કહે છે ? જે નિત્ય પ્રભુ ધ્રુવ છે એના ઉપર દૃષ્ટિ લગાવતા તને પર્યાયમાં સમ્યક્ આનંદ અને જ્ઞાન થશે. અને એ પર્યાય એમ જાણે છે કે હું તો કૃતકૃત્ય છું. એ કૃતકૃત્ય ઉપર લક્ષ, આશ્રય કરતા પર્યાયમાં કૃતકૃત્ય થઈ જશે. કાંઈ કરવાનું રહે નહિ એવો કૃતકૃત્ય થઈ જશે. આહા..હા..! આવી વાત છે. આ દિગંબર ધર્મ. આહા..હા..! એ કોઈ પક્ષ નથી. આહા..હા..! આ દિગંબર ધર્મ, એ જૈનધર્મ, એ વસ્તુ ધર્મ છે. આહા..હા..! ભાગ્યવાનને તો કાને પડે એવી વાત છે. આહા..હા..!

કહેવડાવ્યું હતું મેં. એના બાપને. કીધું ? ભાઈ ! (તમારા દીકરાને) કીધું હતું કે તારા બાપને કહેજે કે આ પાંચ લાખ છે એ ભાગ્યવાન નથી. એ કીધું ? તને કીધું હતું ને તારા બાપને કહેજે, કે પાંચ લાખ મળ્યા માટે ભાગ્યવાન નથી. પણ આ સાંભળવાનું મળે માટે ભાગ્યવાન છે. એમ કહેવડાવ્યું હતું. આહા..હા..! એમ કે ઓલા પાંચ લાખ મળ્યા એટલે આપણે ભાગ્યવાન. આ કરોડપતિ બધા ઘણા હતા, સાંઈઠ-સીત્તેર લાખવાળા કરોડોપતિઓ ઘણા છે. એ ભાગ્યવાન નથી, બાપા ! આહા..હા..! વીતરાગની આવી વાણી. પરમ ધ્વનિમાં, દિવ્યધ્વનિમાં આવી એ વાણી છે આ. આહા..હા..! એ વાણી એના ન્યાય સહિત કાને પડવી... આહા..હા..! દુનિયા માનો ન માનો, દુનિયા એકાંત કહો

અને ગમે તે કહો. આહા..હા..!

કૃતકૃત્ય છે, વસ્તુ કૃતકૃત્ય છે. **'તેમાં ઠરતાં તું પર્યાયે કૃતકૃત્ય થઈશ.'** આહા..હા..! દ્રવ્યમાં પૂર્ણ આનંદ છે. એમાં ઠરતાં, સ્થિર થતાં પર્યાયમાં પૂર્ણ આનંદ પ્રગટશે. કરવું પડે અને એ કૃતકૃત્ય થશે. ભગવાનમાં અનંત જ્ઞાન છે, એમાં સ્થિર થવાથી એ પૂર્ણ જ્ઞાન છે, એ તો કૃતકૃત્ય છે. એમાં સ્થિર થવાથી પર્યાયમાં કૃતકૃત્ય નામ કેવળજ્ઞાન થશે. પછી કાંઈ કરવાનું રહેશે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :– ભગવાન ઋષભદેવે છ મહિના ઉપવાસ કર્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો એ સમયે આનંદમાં રહ્યા, આહારનો વિકલ્પ આવ્યો નહિ એ અપેક્ષાએ અપવાસ કહેવામાં આવ્યા. એ લખ્યું છે. મહાન ભગવાન જેવાએ બાર વર્ષના અપવાસ કર્યા, તપસ્યા કરી. અરે..! ભાઈ ! તું માને એ તપ નથી. ભગવાનને.. આહા..હા..! ભગવાન તો અતીન્દ્રિય આનંદમાં મસ્ત રહે. છ મહિના સુધી આહાર લેવાનો વિકલ્પ આવ્યો નથી. અને આહાર નહિ આવવાનો યોગ પણ એવો હતો. એ આનંદમાં રહે છે. એ આનંદ જે ઉભરાણો. પ્રતપંતે ઇતિ તપઃ. ભગવાન અનંત ગુણનો પિંડ પોતે પર્યાયમાં અનંત-અનંત શાંતિ, આનંદ લઈને જે દશા અંદરમાં તપે છે. ચારિત્રથી પણ ઉગ્ર પુરુષાર્થ છે એનું નામ તપ છે. આહા..હા..! આ તો સમ્યગ્દર્શન વિના આ બધી લાંઘણું છે. અપવાસ-બપવાસ એ લાંઘણ છે. ઉપવાસ નહિ, આ તો અપવાસ છે. આહા..હા..!

ઉપ નામ ભગવાન સમીપે વાસ અંદર. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ અનંત આનંદ અને અનંતી ગુણની ઋદ્ધિનો સંપન્ન, પ્રભુ ! આહા..હા..! એની સમીપમાં જઈને વસવું, એનું નામ ઉપવાસ છે. બાકી એના ભાન વિના રાગાદિ એ તો અપવાસ– માઠાવાસ છે. રાગમાં જેનો વાસ છે. આહા..હા..! માણસને આકરું પડે. એ દરેક સંપ્રદાયને આકરું પડે. સ્થાનકવાસી, દેરાવાસીને તો પડે જ. કારણ કે એમાં વ્યવહાર પ્રધાન એનું શાસ્ત્ર છે. પણ આ દિગંબરના શાસ્ત્રોમાં આવું ભર્યું છે એની એને ખબર ન મળે. લોકો ગાડા હાંકે રાખે છે. આહા..હા..! ચરણાનુયોગમાં આમ કહ્યું છે ને કરણાનુયોગમાં આમ કહ્યું છે. બધાએ કહ્યું. આહા..હા..!

ચારે અનુયોગનો સાર તો વીતરાગતા છે. એ 'પંચાસ્તિકાય'ની ૧૭૨ (ગાથામાં કહ્યું). વીતરાગતા ક્યારે થાય ? કે વીતરાગ જિનબિંબ પ્રભુ છે એની દૃષ્ટિ કરતા, સ્થિરતા કરતા વીતરાગતા થશે. આહા..હા..! જેમાં વીતરાગતા ભરી છે. આહા..હા..! (એની દૃષ્ટિ કરતાં) તારી પર્યાયમાં વીતરાગતા થશે. અને વીતરાગી પર્યાય જાણે છે કે હું તો પૂર્ણ કૃતકૃત્ય થયો. સમ્યગ્દર્શનની પર્યાય અને સમ્યગ્જ્ઞાનની પર્યાય થઈ એ તો જાણે છે કે હું તો કૃતકૃત્ય પૂર્ણ વસ્તુ આ તો ઓહો..હો..! આ તો પરમાત્મા છે, પૂર્ણ છે. એને કાંઈ કરવાનું, ધરવાનું છે નહિ. પણ એમાં સ્થિર થતાં પર્યાયમાં કૃતકૃત્ય થઈ જશે. કંઈ કરવાનું રહે નહિ એવું કેવળજ્ઞાન તને થશે. આહા..હા..! પણ એમાં સ્થિર થવાથી કહ્યું છે. કોઈ અપવાસ કરવાથી કે ભક્તિ કરવાથી નહિ. આહા..હા..! છ લીટી છે. પણ છેલ્લે થઈ જાય. છ. આહા..હા..! કેટલું ભર્યું છે ! આહા..હા..! અને સહેજે વાણી નીકળી છે. ૩૮૨ (બોલ પૂરો) થયો.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (એપ્રિલ–૨૦૧૩નું) શુલ્ક શ્રી મણિલાલભાઈ સાવલા (૦૯૩૨૨૨૬૨૪૭૦)ના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



# શ્રી પરમાગમસાર, વચનામૃત-૩૫૩-૩૫૪ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૧૭૬ (તા.૬-૯-૧૯૮૩, ભાવનગર)

'પરમાગમસાર' બોલ ૩૫૩. પાનું-૯૩. ફરીથી લઈએ.

**'ગુરુ અને શાસ્ત્ર તો દિશા બતાવે કે રાગાદિ તું નથી તેથી ત્યાંથી દૃષ્ટિ હટાવ અને ધ્રુવમાં દૃષ્ટિ લગાવ.'** અંતઃતત્ત્વ ધ્રુવ સ્વરૂપ પરમાત્મા છે એ સર્વથા ઉપાદેય છે. સર્વસ્વપણે એનું ઉપાદેયપણું એમાં દૃષ્ટિ સ્થાપતા આવે છે. ધ્રુવમાં દૃષ્ટિ થાય, ધ્રુવમાં દૃષ્ટિ લાગે ત્યારે શુદ્ધાત્માની જ ઉપાદેયતા રહે.

ગુરુ અને શાસ્ત્ર એ વાત કરે છે, કે નિજ નિર્દોષ પરમાત્મતત્ત્વ છે, એને ઉપાદેય કર અને વર્તમાન અવસ્થામાં મલિનભાવરૂપ રાગ છે એ રાગ તારું સ્વરૂપ નથી. અને ઉપાદેય નથી અને અનાદિનો તેને વળગ્યો છો, ત્યાં દૃષ્ટિ પડી છે, એ જ ઉપાદેય થઈ રહ્યું છે, એ છોડી દેવા યોગ્ય છે. એમ ગુરુ અને શાસ્ત્ર કહે છે. અને એમ કહે તે સાચા ગુરુ અને સાચા શાસ્ત્ર છે. એમ સાથે સાથે એમાં આવે છે. જે ગુરુ અને જે શાસ્ત્ર રાગની ઉપાદેયતા કરાવે એ વીતરાગમાર્ગના ગુરુ અને વીતરાગમાર્ગના શાસ્ત્ર નથી.

ઘણા વર્ષ પહેલા દિગંબર આચાર્ય 'સોનગઢ' આવ્યા હતા. 'શેત્રુંજય' બાજુ 'જુનાગઢ' બાજુ વળતા યાત્રાએ નીકળ્યા હશે. 'સોનગઢ'માં સાંજે લગભગ ભક્તિ પછીના ટાઇમે પહોંચ્યા હતા. એમને રહેવાની વ્યવસ્થા કરી આપી. પાછળ 'પ્રવચન મંડપ'માં એક રૂમ છે ત્યાં રહેવાની વ્યવસ્થા કરી આપી. 'ગુરુદેવ' પણ આહાર પછી ત્યાં અમસ્તા આંટા મારે છે એટલે ત્યાં એમની પાસે ગયા. ત્યારે મારી હાજરી હતી. એમણે એક પુસ્તક બતાવ્યું, કે આ પુસ્તક છે. આ પુસ્તકમાં એમ લખ્યું છે કે સમ્મેદશિખરની યાત્રા કરે એની મુક્તિ થઈ જાય. સમ્મેદશિખરના મહાત્મ્યનું પુસ્તક હતું. કોઈએ ગમે એણે લખ્યુ હશે. સમ્મેદશિખરની યાત્રાનો શુભરાગ તો ગમે તેને આવે. તેથી તેની મુક્તિ થઈ જાય, એવો સિદ્ધાંત કેમ હોઈ શકે ? રાગ, શુભરાગ તો જેટલા કોઈ પ્રકારના દેવ, ગુરુ, શાસ્ત્રને આશ્રિત છે, એ કાંઈ ખરેખર શુભરાગ મુક્તિનું કારણ છે અને તેનાથી મુક્તિ થાય છે એવું બનતું નથી.

એમને એમ કહ્યું કે પુસ્તક તો ગમે તેણે લખ્યું હોય. અત્યારે તો પુસ્તકો ઘણા બધા લખે છે ને ? પણ તેથી કાંઈ રાગથી મુક્તિ થાય એવો સિદ્ધાંત વીતરાગમાર્ગમાં ન હોય. એટલે એમ કહ્યું કે વીતરાગમાર્ગમાં તો એવો સિદ્ધાંત નથી. રાગથી મુક્તિ થાય એવો વીતરાગમાર્ગમાં સિદ્ધાંત નથી. એમ કહેનાર શાસ્ત્ર તે શાસ્ત્ર નહિ અને એમ કહેનાર ગુરુ તે ગુરુ નહિ. લોકો ભલે કહે પણ ખરેખર એ સંમત કરી શકાય નહિ.

મુમુક્ષુ :- વિચારાય તો એમ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ છે.

શુદ્ધાત્માને બતાવે તે ગુરુ અને શુદ્ધાત્માને બતાવે તે શાસ્ત્ર. અને પરિપૂર્ણ વીતરાગ હોય તે દેવ. પૂર્ણ વીતરાગ હોય તે દેવ. કિંચિત્ માત્ર રાગાદિનો સદ્ભાવ હોય તો એ દેવના સ્થાનમાં નથી. એમ છે. કિંચિત્માત્ર રાગાદિનો શુભભાવ હોય.

(અહીંયાં) શું કહે છે ? કે **'ગુરુ અને શાસ્ત્ર તો દિશા બતાવે...'** અંતર્મુખની દિશા બતાવે છે. ધ્રુવની દિશા બતાવે છે, કે આ ધ્રુવમાં દૃષ્ટિ લગાવ, અંતઃતત્ત્વમાં દૃષ્ટિ લગાવ, **'રાગાદિ તું નથી...'** રાગાદિ

તું નથી એમ એટલા માટે કહે છે કે અનાદિથી રાગને પોતારૂપ માનીને જ પ્રવર્તે છે. એટલે એમ કહેવામાં આવે છે.

બીજો એક અહીંયાં ન્યાય લીધો છે. **'કેમ કે સ્થિર વસ્તુમાં દૃષ્ટિ સ્થિર થઈ શકશે અસ્થિર વસ્તુમાં દૃષ્ટિ સ્થિર ન થઈ શકે.'** સ્થિર વસ્તુમાં દૃષ્ટિ સ્થિર થઈ શકશે. સ્થિર વસ્તુ હોય એના ઉપર દૃષ્ટિ સ્થિર રહી શકે પણ ચલિત પદાર્થ ઉપરની દૃષ્ટિ પણ અચલિત રહી શકતી નથી. ઘડિયાળનું લોલક છે. નજર સ્થિર રાખવી હોય અને ચાલતા લોલક ઉપર રાખે તો ? નજર પણ એને ફેરવવી પડશે. સ્થિર પદાર્થ ઉપર, સ્થિર વસ્તુમાં દૃષ્ટિ સ્થિર થઈ શકશે. રાગ તો અસ્થિર છે. અસ્થિર વસ્તુમાં દૃષ્ટિ સ્થિર ન થઈ શકે.

રાગથી માંડીને બીજા બધા જેટલા પર્યાયાશ્રિત પરિણામ છે, એ બધા પરિણામો અસ્થિર હોવાથી, ક્ષણિક હોવાથી કોઈપણ પરિણામ ઉપરની જે દૃષ્ટિ છે એ દૃષ્ટિ સ્થિર થઈ શકતી નથી. સ્થિર પરિણમનમાં શાંતિ છે. આમ તો એમ છે, ખરેખર તો. પરિણામમાં જેટલી અસ્થિરતા છે એટલી અશાંતિ ઊભી થાય છે. એ વિષય તો જૈનદર્શનમાં શુક્લધ્યાનની શ્રેણી પર્યંત લીધો છે. શુક્લધ્યાનની શ્રેણીમાં ઉપયોગ શુદ્ધ છે. એકલો શુદ્ધોપયોગ છે. કેમકે એ તો નવમા, દસમા, બારમા અને તેરમા ગુણસ્થાનનો વિષય છે. પણ નવ, દસ ગુણસ્થાનમાં. નવ, દસ અને નીચેના ગુણસ્થાનમાં જ્યાં હજી છદ્મસ્થ છે ત્યાં જ્ઞપ્તિ પરિવર્તન ક્રિયા લીધી છે. જ્ઞાનની પર્યાય દ્રવ્ય-ગુણ-પર્યાયના વિષયમાં પણ જ્ઞેયનું પરિવર્તન કરે છે-જ્ઞેયને બદલે છે. જ્ઞપ્તિ પરિવર્તન થાય છે ત્યાં. તો ત્યાં પૂર્ણ શાંતિ અને પૂર્ણ વીતરાગતા ઉત્પન્ન થતી નથી. એટલું નીચે લીધું છે.

મુમુક્ષુ :– જ્ઞપ્તિ એટલે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ?

પૂજ્ય ભાઈશ્રી :– (દ્રવ્ય-ગુણ સિવાય) બીજો વિષય તો ત્યાં છે નહિ. કોઈ અન્ય પદાર્થનો તો ત્યાં વિષય નથી. પણ દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિષય છે. પોતાના ને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિષય છે. એ પણ અબુદ્ધિપૂર્વકનો સૂક્ષ્મ ભેદ છે. પણ એટલું જ્ઞપ્તિ પરિવર્તનપણું છે તો કહે છે કે ત્યાં એકલું બાધકપણું છે. સાધકપણું નથી પણ એટલું બાધકપણું છે. આ અભેદ આત્માને, ધ્રુવ આત્માને સ્થિર થઈને સાધવું જોઈએ એમ કહે છે. એટલી અસ્થિરતા જે છે એ ત્યાં નુકસાનમાં જાય છે અને એનાથી લાભ ગણવામાં આવતો નથી. આટલું સૂક્ષ્મપણે કાંત્યું છે.

અહીંયાં કહે છે, કે **'સ્થિર વસ્તુમાં દૃષ્ટિ સ્થિર થઈ શકશે અસ્થિર વસ્તુમાં દૃષ્ટિ સ્થિર ન થઈ શકે.'** એ તો સમજી શકાય એવો વિષય છે. તેથી **'ધ્રુવ સ્થિર વસ્તુ છે.'** તેથી **'ધ્રુવ સ્થિર વસ્તુ છે.'** એમાં દૃષ્ટિ લગાવતાં દૃષ્ટિ સ્થિર થાય. દૃષ્ટિ સ્થિર થાય એમાં જ્ઞાનની એકાગ્રતા થતાં ઉપયોગ પણ સ્થિર થાય. અને સર્વ પરિણામ એમાં જ અંતર્નિમગ્ન કરવા જેવા છે. એમ એમાંથી આવે છે. દૃષ્ટિ લગાવ એમાંથી એમ કહેવું છે, કે સર્વ ગુણોના પરિણામ એમાં જ નિમગ્ન કરવા જેવા છે, લીન કરવા જેવા છે. અને સર્વોત્કૃષ્ટ તત્ત્વ પણ તે જ છે.

**'ધ્રુવ સ્થિર વસ્તુ છે. તે પોતાના પરિણામમાં પણ આવતી નથી.'** કેમકે પરિણામ અસ્થિર છે. ઉત્પાદ-વ્યયરૂપ પરિણામ અસ્થિર ભાવ છે. જો સ્થિર તત્ત્વ એમાં આવે તો એની પણ અસ્થિરતા થાય, એમ કહેવું છે. અસ્થિરભાવમાં સ્થિરભાવ આવે, તો કાં તો એ સ્થિરભાવનો નાશ થાય, અસ્થિર થતાં.

એ ન્યાય ૩૨૦ ગાથામાં 'જયસેનાચાર્યદેવે' ટીકા કરતાં લીધો કે ધ્યાન છે તે વિનશ્વર છે અને ધ્યેય અવિનશ્વર છે. શું કહ્યું ? ધ્યાન તો વિનશ્વર-નાશ પામતો ભાવ છે, જ્યારે ધ્યાનનો વિષય જે ધ્રુવ તત્ત્વ છે તે તો અવિનશ્વર છે. તેથી ધ્યાનમાં ધ્યેય આવતું નથી અથવા ધ્યેય ધ્યાનરૂપ થતું નથી. જો ધ્યેય ધ્યાનરૂપ થાય, તો ધ્યાનનો નાશ થતાં ધ્યેયનો પણ નાશ થઈ જાય. એક તો પર્યાય બદલે છે એમાં ધ્યાનની પર્યાય એક પછી એક પછી એક નાશ થઈને બીજી બીજી ઊપજે છે. અથવા જો ધ્યેય ધ્યાનરૂપ થયું હોય તો ધ્યાનમાંથી ચ્યુત થતાં ધ્યાનનો નાશ થાય છે, ધ્યેયનો પણ નાશ થઈ જાય. એ ન્યાય લીધો છે ત્યાં.

એટલે એ કહ્યું કે '**ધ્રુવ સ્થિર વસ્તુ છે. તે પોતાના પરિણામમાં પણ આવતી નથી.**' આ એક વસ્તુમાં બે વિરુદ્ધ ભાવો છે અથવા એક પદાર્થના બે અંગ છે, બે અંશ છે, જે બંનેને પરસ્પર વિરુદ્ધ ધર્મ છે. એક પર્યાય અંગ છે જે અનિત્ય ધર્મવાળું છે, અનિત્યતાનો ધર્મ છે એનો. એને નિત્યપણે રાખવી હોય તો કોઈ પર્યાય નિત્ય રહી શકે નહિ. એક સમયમાં પર્યાયથી પર્યાયાંતર આખી વસ્તુ થઈ જાય છે. એ જ વસ્તુમાં ત્રિકાળી ગુણસંપત્તિ છે, જેને આત્માની શક્તિઓ કહેવામાં આવે એવી જે ગુણની સંપત્તિ છે, એ શક્તિઓ નિત્ય છે. અનાદિઅનંત છે અને અનાદિઅનંત જે સ્વરૂપે છે એવા જ સ્વરૂપે અનાદિ અનંત રહે છે. સર્વ કાળે એમ જ રહે છે. ધ્રુવ રહે છે એટલે ફેરફાર વગરની રહે છે. એમાં કાંઈ ફેરફાર થતો નથી.

એ સામાન્ય અને વિશેષ એક પદાર્થના બે અંગ છે. અને એ બંને અંગ એક પદાર્થમાં છે છતાં એ પદાર્થમાં કોઈ વિરુદ્ધતા ઉત્પન્ન થતી નથી. આવું પદાર્થનું કાંઈક વિચિત્ર સ્વરૂપ હોવાથી અન્યમતિમાં એનું સર્વાંગ સંપૂર્ણ દર્શન નહિ હોવાથી કોઈએ નિત્ય અંગને પકડ્યું અને કોઈએ અનિત્ય અંગને પકડ્યું. બૌદ્ધ ધર્મ આખો અનિત્ય અંગને આધારે ઉત્પન્ન થયેલો છે. અને સાંખ્ય છે એ આખો નિત્યને (અંગને) આધારે છે. પણ બંને થઈને એક વસ્તુ છે એનું જે સાંગોપાંગ જ્ઞાન જોઈએ અને નિરૂપણ જોઈએ એ જૈનદર્શન સિવાય ક્યાંય નથી. અને તેમાં પણ આશ્રયને યોગ્ય શું છે ? પાછું એ બંનેનું વસ્તુ વ્યવસ્થાનું, વસ્તુનું બંધારણ સમજાણા પછી પણ દ્રવ્ય-પર્યાયમય, આખા પદાર્થને સમજણમાં લીધા પછી પણ ક્યાં અવલંબન લેવાનું છે ? કોને મુખ્ય કરવાનું છે ? કેમકે છદ્મસ્થને મુખ્ય-ગૌણ થાય છે. એવું નથી, કે કોઈ છદ્મસ્થને એના પરિણમનમાં મુખ્યતા અને ગૌણતા ન વર્તતી હોય. એવું ન બને.

છદ્મસ્થ જીવ પણ અનેક વિષયોનું વિભિન્ન વિષયોનું જ્ઞાન કરે છે. અને બધા વિષયોનું જેટલા વિષયોનું જ્ઞાન કરે તે સમસ્ત વિષયોની મુખ્યતા થવી સંભવિત નથી, થઈ શકતી પણ નથી. તેથી કોઈને કોઈ વિષયની એ મુખ્યતા કરે છે અને બાકીના વિષયની એ ગૌણતા કરે છે. એમ મુખ્ય-ગૌણ અનિવાર્યપણે એના પરિણમનમાં રહેલું છે.

અહીંયાં કહે છે, કે પદાર્થનું દ્રવ્ય-પર્યાયમય જે જ્ઞાન થાય છે, એ જ્ઞાનમાં કોની મુખ્યતા કરવી ? કે જે નિત્ય અંગ છે, જે શાશ્વત છે, જે ધ્રુવ છે, નિત્ય છે, અવિનાશી છે અને મૂળ સ્વરૂપરૂપે છે, જેમાં આત્માના તમામ ગુણોની સંપદા છે, એની મુખ્યતા કરવી અને પર્યાય અંગને ગૌણ કરવું.

મુમુક્ષુ :– મુખ્યતા કરવી એટલે શું કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :– મુખ્યતા કરવી એટલે એની ઉપાદેયતા કરવી, મુખ્યતા કરવી એટલે એના ઉપર વજન રહેવું, મુખ્યતા કરવી એટલે પોતાનું એ સ્વરૂપ છે એવો પોતાપણાનો રસ રહેવો. આ બધા મુખ્યતાના લક્ષણ છે. મુખ્યતાના આ બધા લક્ષણ છે.

અને Practically મેળવી જોવું કે અત્યારે જે વિષય મુખ્ય થતો હોય, થયો હોય, થઈ રહ્યો હોય, એમાં રસ રહે છે. એના ઉપર વજન રહે છે. છે કે નહિ ? બીજું બધું ગૌણ થઈ જાય છે. બીજાનું લક્ષ રહેતું નથી. આનું જ લક્ષ રહે છે. પુરુષાર્થનું જોર એના ઉપર લાગે છે. વજન ત્યાં આવે છે, રસ ત્યાં પડે છે, લક્ષ તેનું રહે છે. આ જુદાં જુદાં ગુણોના પર્યાયથી પણ મુખ્યતા તે શું એ સમજી શકાય એવો વિષય છે. કેમકે સર્વ ગુણો ત્યાં કામ કરે છે. જ્ઞાનનું લક્ષ ત્યાં રહે છે, પુરુષાર્થનું જોર ત્યાં રહે છે, એ ચીજની મહિમા રહે છે, એ વસ્તુની મહિમા રહે છે, એની કિંમત રહે છે, એમાં રસ આવે છે. એ બધું બતાવે છે કે એની મુખ્યતા થઈ રહી છે. આ તો Practical છે કે નહિ, બધાને અનુભવગોચર છે. દરેક છદ્મસ્થને મુખ્ય-ગૌણરૂપ પરિણમન છે.

હવે અહીંયાં એમ કહે છે, કે જો તને સામાન્ય-વિશેષાત્મક અથવા દ્રવ્ય-પર્યાયમય જો વસ્તુના બંધારણથી વસ્તુનું જ્ઞાન કરાવવામાં આવે છે, એ જૈનાગમનો દ્રવ્યાનુયોગનો વિષય છે, જૈનાગમમાં આ દ્રવ્યાનુયોગનો વિષય છે કે વસ્તુ પદાર્થ કેવો, આત્મા કેવો ? એ

એનું વિજ્ઞાન આખું નિરૂપણ છે. એ જાણવા મળે છે પણ એ જાણવા મળે એને અનાદિની જે મુખ્યતા છે એમાં ફેર ન પડે તો એણે જાણ્યું નથી, એણે કાંઈ જાણ્યું નથી. જાણતા એની કીંમત આવે.

જેમાં અનંત ગુણની સંપત્તિ છે, અલૌકિક ગુણો છે. એ તો આપણે ગુણની કોઈ વખત ત્રિરાશી મૂકીએ છીએ, કે માથાનો વાઢનાર હોય, એવા વેરી દુશ્મન પ્રત્યે પણ બહારમાં ક્ષમાનો ભાવ વર્તે, એના પ્રત્યે શુભભાવ વર્તે તો જગત આખું એમ કહેશે કે એ ગુણવાન છે. જુઓ ! ક્રોધ પ્રત્યે પણ ક્ષમા રાખે છે.

જગતમાં ક્રોધને અવગુણ કહે છે અને ક્રોધાદિ પ્રત્યે ક્ષમા રાખનારને ગુણ કહેવામાં આવે છે. આખું જગત એને ગુણ કહે છે.

મુમુક્ષુ :- અહીંયા એને અવગુણ કહીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- એને જો જૈનદર્શન અવગુણના ખાતામાં ખતવતું હોય, તો જૈનદર્શનમાં ગુણ કોને કહેવાય છે ? આ વિષય વિચાર માગી લે એવો છે.

'ક્ષમાદિ ભાવ, ક્ષમાદિ દોષ મૈંને કભી કિયા હી નહીં.' આવે છે ? 'સોગાનીજી'માં. નિત્ય ધ્રુવ સ્વભાવમાં ક્ષમાનો શુભભાવનો સ્પર્શ કે પ્રવેશ નથી. અને ક્ષમાદિ અનિત્ય શુભભાવમાં મારા નિત્ય સ્વરૂપનો પ્રવેશ નથી. આમ છે. એટલે ત્યાં દૃષ્ટિની સ્થાપના કરે છે કે, મારી જે સત્તા ત્રિકાળ અસ્તિત્વ છે, જે અસ્તિત્વમાં અનંત ગુણના ભંડારો ભર્યા છે, એવું જે મારું અસ્તિત્વ છે, એ અસ્તિત્વમાં તો ક્ષમા આદિ દોષના ભાવ છે જ નહિ. ક્ષમા આદિ ગુણના ભાવ નહિ પણ દોષના ભાવ છે નહિ એમ કહે છે. એટલે મેં કર્યા નથી. આમ લીધું છે. આ તો પત્રવ્યવહારમાં આવો તાત્વિક વિષય આવ્યો છે. આચાર્યોના આગમમાં તો બહુ વ્યવસ્થિત પદ્ધતિથી એનું નિરૂપણ છે.

કહે છે, કે **'ધ્રુવ સ્થિર વસ્તુ છે. તે પોતાના પરિણામમાં પણ આવતી નથી.'** બીજાના પરિણામ સાથે તો એને સંબંધ નથી પણ પોતાના પરિણામમાં પણ આવતી નથી. આમ છે. હવે આનો ઉપયોગ શું ? આમ જે સમજાય છે એનો ઉપયોગ શું ? કે બહુ તો જીવને અન્ય પદાર્થનું જ્ઞાન થતાં જ્ઞેય સાથે સંબધ થાય છે પણ એ તો પર્યાય પૂરતી વાત રહી એમ કહે છે. એવા બીજા પદાર્થને વિષય કરનાર જ્ઞાનની પર્યાય પણ હું જ્યાં ત્રિકાળી ધ્રુવ છું, ત્યાં ક્યાં છે. ત્યાં હુંપણું સ્થાપતા પર પદાર્થનો સંપર્ક તો દૂર રહો પણ પર પદાર્થના સંપર્કવાળી પર્યાય ઉપર પણ દૃષ્ટિ રહેતી નથી. મૂળમાંથી વિભાવ નહિ થવાની પદ્ધતિ જે છે એમાં આ વિજ્ઞાન કામમાં આવે છે. એમ કહ્યું ને ? વિજ્ઞાનિક દૃષ્ટિએ શું લીધું ?

**'ધ્રુવ સ્થિર વસ્તુ છે. તે પોતાના પરિણામમાં પણ આવતી નથી.'** કહે છે, કે તારું પરપદાર્થ ઉપર લક્ષ ગયું, પણ તું ક્યાં છો એનું જો તને બરાબર ભાન હોય, તો એની ગૌણતા અને ઉપેક્ષા થયા વિના રહેશે નહિ. આમ મુખ્યતા કરવાની વાત છે. પોતાના ધ્રુવ ઉપરની દૃષ્ટિમાં એની જ મુખ્યતા રહે છે. પરિણામનો, સર્વ ગુણોના પરિણામ સંબંધિત આ નિયમ છે, આ સિદ્ધાંત છે, કે જેની દૃષ્ટિ હોય તેની જ મુખ્યતા થાય, બીજું કાંઈ થાય નહિ.

દૃષ્ટિ રાગ અને પર ઉપર હોય અને તે આત્માના સ્વભાવની મુખ્યતા કરવાની ઇચ્છા કરે એ બેકાર જાય છે. કોઈ એમ કહે કે મારે તો આત્માની મુખ્યતા કરવી છે, મારે તો આત્માને જ મુખ્ય કરવો છે, પરમાત્મતત્ત્વને જ મુખ્ય કરવું છે. પણ દૃષ્ટિ છોડ્યા વિના ? 'પૂજ્ય બહેનશ્રી'એ એ વાત લીધી છે, કે કોઈ રુચિને અને શ્રદ્ધાને ફેરવ્યા વિના ઉપયોગને ફેરવવા માગે તો બનશે નહિ. ઉપયોગને તારે આત્મામાં સ્થિર કરવો હોય અને તારી દૃષ્ટિ રાગ ઉપર પડી હોય તો ઉપયોગ આત્મામાં નહિ આવે. તારી ઇચ્છા નકામી જશે, એ ઇચ્છા કાંઈ કામ આવશે નહિ. આખો વિષય છે એ શું પદ્ધતિથી કામ થાય છે એ સમજવા જેવો વિષય છે.

**'ધ્રુવ સ્થિર વસ્તુ છે. તે પોતાના પરિણામમાં પણ આવતી નથી.'** એમ કહીને એમ કહેવું છે કે પરિણામમાત્રને તું ગૌણ કર. પર્યાયાશ્રિત પરિણામની દૃષ્ટિ છોડ અને ધ્રુવની દૃષ્ટિ કર એમ કહેવું છે. તો તને સર્વ પરિણામોની ઉપેક્ષા થશે. સમ્યક્ પ્રકારે દોષ

તો ગૌણ થશે પણ સમ્યક્ પ્રકારે ગુણ ઉત્પન્ન થશે તોપણ ગૌણ થશે. લ્યો, ઠીક ! આવો વિષય છે.

દોષને બે પ્રકારે ગૌણ કરવામાં આવે છે. એક સ્વચ્છંદી જીવ દોષને ગૌણ કરે છે. પોતાના દોષને અવગણીને પણ વિશેષ દોષમાં પરિણમે છે. દોષને દોષ ન ગણે. અને એક સમ્યગ્દૃષ્ટિ સાધકજીવ જેને પરિણામમાત્રની ગૌણતા વર્તે છે એ દોષને ગૌણ કરે છે. એ સાધક માટે એમ કહેવાય કે એનો નાનામાં નાનો દોષ એને મોટો પર્વત જેવડો દેખાય છે. જેમ ઓલો Glass મૂકે છે ને ? ઝીણી ચીજ મોટી દેખાય. Magnifying glass–બિલોરી કાચ. એના સૂક્ષ્મ જ્ઞાનમાં નાનો દોષ પણ એ મોટો ગણે છે. છતાં એની મુખ્યતા કરતા નથી. આવી બધી રમત છે અંદર. દોષને ગૌણ કરે છે છતાં નાનો દોષ મોટો જાણે છે. કેમકે એને ટાળવો છે. અને ગુણ પ્રગટ થાય છે એને ગણતો નથી. દોષને જેમ ગણતો નથી એમ ગુણને પણ ગણતો નથી. કેમકે ગુણમાં એને અહંપણું કરવું નથી. એનું અભિમાન, અહંકાર એને કરવો નથી.

એનો અર્થ એ થયો કે પરિણામમાં તો ગુણ અને દોષ બે ચીજ હોય. જો બંનેને ગૌણ કરે છે એટલે પરિણામમાત્રને એ ગૌણ કરે છે. એમ એનો અર્થ થઈ ગયો. અને એ સિદ્ધાંત છે, કે ગુણભેદ પોતાના ને પોતાના. સામાન્યમાં રહેલા ગુણભેદ અને વિશેષ અવસ્થાઓ રૂપે પ્રગટ થતાં પર્યાયભેદ, એવા ભેદમાત્ર ઉપર લક્ષ જતાં રાગની ઉત્પત્તિ થઈ આવે છે. રાગી જીવને, છદ્મસ્થ જીવને નિયમથી રાગની ઉત્પત્તિ થાય. એક વીતરાગતા પરિપૂર્ણ વીતરાગતામાં ઉત્પન્ન થયેલું સકળવિમળ કેવળજ્ઞાન છે એ એક જ એવું જ્ઞાન છે કે નિરવશેષ અંતર્મુખ રહેવા છતાં એને ગુણભેદ, પર્યાયભેદ, ધર્મભેદ, સ્વદ્રવ્યના અને પરદ્રવ્યના સમસ્ત જગતના ઝળકે છે, જણાય આવે છે. ઉપયોગ ફેરવીને જાણવા જવું પડતું નથી પણ નિર્મળ જ્ઞાનમાં જણાય આવે છે. છતાં ત્યાં રાગની, દ્વેષની કે મોહની ઉત્પત્તિ થતી નથી. એ કેવળજ્ઞાન એ દશાએ પહોંચ્યું છે. એવી એક પરિપક્વ જ્ઞાનની પરિપૂર્ણ દશા છે કે જ્યાં અનેકવિધ પ્રકારે આખા જગતના પદાર્થોનું જ્ઞાન થવા છતાં રાગ-દ્વેષ-મોહ ઊપજતા નથી.

નહિ સમજીને ઘણા એવા ગપ્પે ચડી જાય છે, કે અરિહંત અને સિદ્ધને સૌથી વધારે દુઃખ છે. કેમ સૌથી વધારે દુઃખ છે ? કે આખી દુનિયાને જાણે, આખા જગતને જાણે, આખા જગતને જાણે એટલે એની અંદર તો એવા ચિત્ર-વિચિત્ર બનાવો પ્રતિસમયે-પ્રતિક્ષણે બની રહ્યા છે, કે દુઃખ થયા વિના રહે નહિ. સૌથી વધારે એને દુઃખ છે. અરે..! ભાઈ ! ભૂલ્યો બાપા તું. સૌથી સુખ એને વધારે છે. સૌથી (વધારે) દુઃખ નહિ પણ સૌથી સુખ વધારે છે. અને એ કેવળજ્ઞાનથી સિદ્ધાંત સિદ્ધ થાય છે કે જ્ઞાનને કારણે દુઃખ નથી. જો જ્ઞાનને કારણે દુઃખ થાય તો કેવળીને, સિદ્ધને સૌથી વધારે દુઃખ થવું જોઈએ. પણ મોહને કારણે દુઃખ છે. જ્ઞાનને કારણે દુઃખ નથી પણ મોહને કારણે દુઃખ છે.

જો જ્ઞાનને કારણે દુઃખ હોય તો મૃત્યુનોંધની કોલમ છાપામાં વાંચે ત્યારે ઘણું દુઃખ થવું જોઈએ. પણ એમ નથી થતું. પણ જેના ઉપર મોહ છે, એવી વ્યક્તિનું જ્ઞાન થાય કે એનું મૃત્યુ થયું. તો એને દુઃખ થાય છે. કેમ કે મોહ છે એ મારાપણું કરે છે. અને મારાપણું નહિ, એમાં પોતાપણું નહિ હોવા છતાં, પોતે એમાં નહિ હોવા છતાં એમાં પોતાપણું કર્યું તે જ એને દુઃખનું કારણ છે.

એને પ્રયોગમાં આમ લેવો. આ વિષય પ્રયોગમાં લેવા માટે ઉપયોગી છે, કે પર્યાય પર તરફ જાય છે અને એમાં કિંચિત્‌માત્ર ગડબડ થાય છે. એમાં જો એકાકાર ન થવું હોય તો એ પર્યાય ગૌણ કરવી જોઈએ. એ પર્યાય ગૌણ કેમ થાય ? કે ધ્રુવમાં દૃષ્ટિ મૂકતા એટલે ધ્રુવમાં પોતાપણું સ્થાપતા. હું ત્રિકાળ મારા હોવાપણે છું ત્યાં આ પરપદાર્થ જે લક્ષમાં આવે છે તે તો નથી પણ તેનું પ્રતિબિંબ પડે છે એવી જ્ઞાનની પર્યાય પણ તેમાં નથી. મારા ધ્રુવ સ્વરૂપથી પર્યાય ઉપર ઉપર તરે છે અને ઉપર ઉપર ફરે છે. મને કાંઈ એની સ્પર્શના નથી. જે વિષયથી રાગ-દ્વેષ-મોહ થાય એ તો દૂર રહો પણ જે વિષય જ્ઞાનમાં આવ્યો, જ્ઞાનના સંપર્કમાં

આવ્યો એ જ્ઞાનની પર્યાય પણ ભિન્ન છે. (કારણ કે) ધ્રુવ વસ્તુ પરિણામમાં પણ આવતી નથી. એટલે પરિણામમાં જે હુંપણું સ્થાપ્યું છે અને પરિણામમાં હુંપણું સ્થાપતા ભાવમરણ જે ક્ષણે ક્ષણે, સમયે સમયે થાય છે. કેમકે પરિણામ તો નાશ પામે છે. મૃત્યુ કહો કે નાશ પામવું કહો. જેણે પર્યાયમાં અહંપણું સ્થાપ્યું એને સમયે સમયે ભાવમરણ થયા વિના રહે નહિ. કેમકે એ પર્યાય તો વ્યય થઈ જવાની.

જેમ અત્યારે કોઈ આ દસ પ્રાણનું પૌદ્ગલિક જીવન છે એ શ્વાસોશ્વાસને ટકાવવા માગે છે. તોપણ એની ઇચ્છા પ્રમાણે રહેતું નથી. એમ પર્યાય પણ ઇચ્છા પ્રમાણે ટકાવવા માગે તો કાંઈ રહેશે નહિ. ચાલી જાય છે. એક સમયનું એનું આયુ છે. એમાં આખેઆખું હુંપણું સ્થાપ્યું એટલે એનું ભાવમરણ થયા વિના રહે નહિ. એને સમજાય કે ન સમજાય. પણ જ્ઞાનીઓએ એને ક્ષણે ક્ષણે થતું ભાવમરણ કહ્યું છે. 'શ્રીમદ્જી'એ પંદર વર્ષે આ વાત કરી. 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો !' હે જીવો ! તમે જગતના કાર્યોમાં સુખના અને હરખના ભાવમાં રાચો છો, પણ એ તો તમારું ભાવમરણ છે. જેમાં તમે રાચો છો એ તો તમારું ભાવમરણ છે. એમાં કાં રાચી રહો ? એમ કહે છે.

મુમુક્ષુ :– બહુ સરસ રીત આવી.

પૂજ્ય ભાઈશ્રી :– એ એટલા માટે વાત આવી છે, કે '**ધ્રુવ સ્થિર વસ્તુ છે. તે પોતાના પરિણામમાં પણ આવતી નથી.**' એ તો જેમ જેમ કાળ જશે એમ 'ગુરુદેવ'ના વચનોની કિંમત થશે. કે એક એક વચનો કેટલા કિંમતી છે અને એની અંદર તત્ત્વ છે એ ઠાંસી ઠાંસીને ભર્યું છે ! એવો વિષય છે.

મુમુક્ષુ :– એક જ બોલમાં બેડો પાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હં. '**તેથી તેના ઉપર દૃષ્ટિ દેવાથી દૃષ્ટિ સ્થિર થાય છે.**' તેથી ધ્રુવ સ્થિર તત્ત્વ ઉપર દૃષ્ટિ દેવાથી દૃષ્ટિમાં પણ સ્થિર ભાવ આવે છે. ભલે એ પરિણમતો ભાવ છે, દૃષ્ટિ પર્યાય પોતે પરિણમતો ભાવ છે પણ એનો એક ધર્મ એવો છે કે જેને અવલંબે તદાકાર ભાવ ધારણ કરે, તદ્રૂપ ભાવ ધારણ કરે. જેમ બહારમાં અન્ય જ્ઞેયોને અવલંબતા તેમાં તદાકાર ભાવ ધારણ કરે છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ભિન્ન પદાર્થ હોય તોપણ તદાકારતા ભાવમાં લઈ શકે છે, તન્મયતા લઈ શકે છે તો પછી જે નિજ અભેદ પોતાનું જ અસ્તિત્વ છે, એના ઉપર તન્મય ભાવે દૃષ્ટિ જાય તો એ અભેદભાવ કેવો થાય ? કે જે અભેદભાવના એક ક્ષણમાં અનંત જન્મ-મરણનો ભૂક્કો બોલે ! આટલી શક્તિ રહેલી છે. અમર થવાની એ એક ગોળી છે, Tablet છે.

અહીંયાં કોઈ ડૉક્ટર એમ કહે કે એક ગોળી ખવડાવું, પછી મરવું જ નહિ પડે. તો એમ કહે માગી લ્યો ડોક્ટર કિંમત હવે. તમે કહો એ કિંમત તમને આપું. આ જ્ઞાની કહે છે, કે આ સમ્યગ્દર્શન અને શુદ્ધોપયોગ એકવાર થયો એટલે તું અજરઅમર થઈ ગયો. પછી મરવાનો તો નથી પણ જન્મ-જરા પણ તને નથી. આમ છે. વળી જીવતો રહે અને હાથ-પગથી અપંગ થાય તો વૃદ્ધ અવસ્થામાં જીવવાનો કાંઈ અર્થ નથી. અહીં તો એની શક્તિ વિકાસ પામે. પાંગળો ન થાય પણ શક્તિવંત થાય એવો રસ્તો છે આ તો.

'**તેથી તેના ઉપર દૃષ્ટિ દેવાથી દૃષ્ટિ સ્થિર થાય છે. એટલે કે સમ્યગ્દર્શન થાય.**' સમ્યગ્દર્શન થાય એમ શાસ્ત્ર, ગુરુ દિશા દેખાડે. આમ સમ્યગ્દર્શન થાય '**એમ શાસ્ત્ર ગુરુ દિશા દેખાડે પણ કરવાનું એણે પોતે છે.**' જો એ પોતે પુરુષાર્થથી એ પ્રકારે પરિણમે તો એને દેખાડનાર એવા દેવ, ગુરુ ને શાસ્ત્ર નિમિત્ત થયા એમ કહેવામાં આવે.

એકવાર 'સોગાનીજી'એ હસતા-હસતા કહ્યું કે 'ગુરુદેવ કો સમ્યગ્દર્શન મેં નિમિત્ત બનાના, મિથ્યાદર્શન મેં નહિ બનાના.' હસતા હતા. એટલે શું ? કે 'ગુરુદેવ' અમારા નિમિત્ત છે. આવા ગુરુ અમારે નિમિત્ત છે, નિમિત્ત છે એમ કરીને મિથ્યાદૃષ્ટિ રહેશો તો તમે મિથ્યાદૃષ્ટિમાં નિમિત્ત સ્થાપ્યા, તમે તમારા મિથ્યાદર્શનપણે રહેવામાં નિમિત્ત સ્થાપ્યા. માટે તમે ગુરુને સમ્યગ્દર્શનમાં નિમિત્ત બનાવો એમ કહે છે. એટલે બીજી રીતે એમ કહ્યું કે કરવાનું પોતે છે. ગુરુ અને શાસ્ત્ર તો દિશા

દેખાડે છે.

એક શબ્દ અહીંથી ઉપાડ્યો છે. ૩૪૮થી. **'રાગની દશાની દિશા પર તરફ છે અને જ્ઞાનની દશાની દિશા સ્વ તરફ છે...'** એમ શાસ્ત્ર અને ગુરુ દિશા દેખાડે છે. પોતે જ્યાં અંદરમાં છે ત્યાં એને અંદરમાં આમ તત્ત્વ છે એમ અંદરની દિશા દેખાડે છે. **'પણ કરવાનું તો એણે પોતે છે.'** અંદરમાં દૃષ્ટિ કરવી, અંદરમાં જ્ઞાનનો ઉપયોગ લગાવવો એ કાર્ય તો પોતે કરવાનું છે. એ કાંઈ ગુરુ, શાસ્ત્ર તારું કાર્ય નહિ કરી દે. શાસ્ત્ર અને ગુરુ તારામાં પ્રવેશ કરશે નહિ. એ તો એમ કહે છે.

'સોગાનીજી'એ લાક્ષણિક પદ્ધતિથી લીધું છે, કે બહારમાં જીવ પરિણામ રાખીને ભટકતો હતો, એ અહીંયાં વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પાસે આવ્યો તો ત્યાં પણ એને લપડાટ મારી. શું કર્યું ? લપડાટ મારી. અંતર્મુખ થા એમ કહે છે. મારા સામું ન જો, અંતર્મુખ થા. ઠીક ! બીજા દેવ-ગુરુ-શાસ્ત્ર તો એમ કહેશે કે તું અમારી ભક્તિ કર, અમારા શરણમાં આવ, અમે તારું કલ્યાણ કરી દેશું.

વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર કહે છે, કે તું તારા શરણમાં જા. અમારી સામે જોવાનું બંધ કર. અમે તારી સામે જોતા નથી. એ જ અમારો ઉપદેશ છે, કે તું પણ અમારી સામે જોઈશ નહિ. વગર કહે તને આ ઉપદેશ આપીએ છીએ. વીતરાગ મુદ્રા બોલ્યા વિના પણ બોધનું કારણ છે. કારણ છે એટલે નિમિત્ત છે. કહ્યા વિના પણ.

એ ગુરુમુદ્રામાં પણ એમ જ છે. ગુરુની શાંત મુદ્રા એ વગર કહે ઉપદેશ આપે છે. એમ નથી કે એ કહે છે ત્યારે જ બોધ મળે છે. એટલે ગુરુનું સાન્નિધ્ય શિષ્ય ઇચ્છે છે, ચાહે છે એનું કારણ એ છે. તે કહે ત્યારે તો સીધો ઉપદેશ વચન છે પણ ન કહે ત્યારે પણ એમની મુખમુદ્રા છે એ ઉપદેશને આપે છે. એવા જ કોઈ વીતરાગી પરિણમનના પ્રકાર ભાવ અનુસાર મુખાકૃતિ ઉપર આવે છે. એ પાત્ર શિષ્ય છે, ઝીણી નજરવાળો છે, દૃષ્ટિવાળો છે એ પારખે છે. એને એના દર્શન થાય છે. એમાંથી એને એના દર્શન થાય છે. એ વીતરાગતાના દર્શન છે, એ આત્માના દર્શન છે, ખરેખર એમ છે. સ્વભાવના દર્શન છે. એની અંદર.

મુમુક્ષુ :– આ બોલમાં ધ્રુવ ઉપર આવવાની વાત કરી.

પૂજ્ય ભાઈશ્રી :– કહે છે કે મારા સામું પણ તું જો એવો અમારો ઉપદેશ નથી. અમારો ઉપદેશ તો એવો છે કે તું અંતર્મુખ થઈને તારા ધ્રુવ તત્ત્વને સંભાળ, તારા સ્વરૂપને સંભાળ, તારા સ્વરૂપમાં સ્થિર થઈને રહે. ભલું તો એ છે, કે તું શુદ્ધોપયોગમાં રહે. 'અનુભવપ્રકાશ'માં એટલું વચન છે. અમારી સામે જોવાની તો કદી અમે વાત કરતા નથી. અને અમને અપેક્ષા પણ નથી. કોઈ અમારી ભક્તિ કરે, સ્તુતિ કરે, પ્રશંસા કરે, ગુણાનુવાદ કરે, તેથી તે અમારા ભક્ત છે એમ કદી અમે જોયું નથી, એમ કહે છે. બહુ લાક્ષણિક પદ્ધતિથી લીધું છે.

તીર્થંકર ભગવાનની સ્તુતિ કરે છે ત્યારે આવી રીતે કરે છે, કે હે ભગવાન ! હે પરમેશ્વર ! ભગવાનને ભક્ત હોય છે ને ? આ મારો ભક્ત છે, મારી સ્તુતિ કરનારો છે તેથી મારો ભક્ત છે એમ આપે કદી જોયું નથી. આપની વીતરાગતામાં એવું મારું-તમારું ક્યાંય આવતું નથી. કે આ ગુણાનુવાદ કરનાર મારો અને આ અવર્ણવાદ કરનાર તે મારો નહિ. એવું કદી આપે જોયું નથી. ઠીક ! અત્યારે જોયું નથી એમ નહિ, એવું કદિ આપે જોયું નથી. કેવું વર્ણન કર્યું છે ! એ રીતે વીતરાગતાને સ્થાપી છે. અને પોતે સ્વરૂપથી પરિપૂર્ણ પરમાત્મા હોવાથી, પરિપૂર્ણ પરમાત્માને કોઈની અપેક્ષા કેમ હોય ? અને કોઈની પણ અપેક્ષા હોય તો એ પરિપૂર્ણ રહ્યા ક્યાં ? એ તો એની પરિપૂર્ણતાને બાધા પહોંચાડનારી વાત છે.

'કર્તા ઈશ્વર જો ગણે ઈશ્વર દોષ સ્વભાવ.' 'આત્મસિદ્ધિ'માં 'શ્રીમદ્જી'એ નાખ્યું. આખું જગત ઈશ્વરને કર્તા માને છે, જગતનિયંતા માને છે, જગતના સર્જનહાર માને છે. પછી નામ જુદાં જુદાં આપે. આ અમારા ભગવાનનું આ નામ છે. પણ માનવું તો એ છે. એને એમ કહે છે, કે તેં ઈશ્વરને અપૂર્ણ ઠરાવ્યા,

એને પૂર્ણ રાખ્યા નહિ. એને પૂછો તો ના પાડે. તમારા ઈશ્વર પરિપૂર્ણ છે કે અપૂર્ણ છે ? તો કહે, એ તો પૂર્ણ જ હોય ને. એમાં પ્રશ્ન ક્યાં છે ? પૂર્ણ છે એને અપેક્ષા ક્યાંથી થઈ ? એને અપેક્ષા ક્યાંથી રહી ? જો એને અપેક્ષા હોય તો એની પૂર્ણતા સાબિત થતી નથી. કરવાનું કાંઈ બાકી રહી ગયું એનો અર્થ કે હજી અપૂર્ણતા છે. આ તો આખા જગતનું બાકી રહી ગયું તો અનંતી અપૂર્ણતા એમાં સાબિત કરી. એટલે અજ્ઞાનપણે જીવ ઈશ્વરને ગાળો આપે છે. અજ્ઞાનપણે આમ કરે છે. એ એનો દોષ છે. અજ્ઞાનનો મોટો દોષ છે. મોટો દોષ છે એમ કહેવાય છે એનું આ કારણ છે.

**'કરવાનું તો એણે પોતે છે. એ સિવાય જન્મ-મરણના અંત નહીં આવે.'** અને જો પોતે પ્રયત્નથી સમ્યગ્દર્શન આદિ ધર્મને પ્રાપ્ત ન કરે તો એને જન્મ-મરણનો અંત આવે એવું નથી. કોઈ બીજા પરિણામથી જન્મ-મરણ મટતા નથી પણ ઊલટાના જન્મ-મરણના બંધન પડે છે. એક વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર, જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહેવામાં આવે છે, એ એક જ એવો મોક્ષનો માર્ગ છે, કે જેનાથી જન્મમરણ ટળે છે, અંત આવે છે. બીજા સર્વ પ્રકારના પરિણામથી નવા બંધન થાય છે. અને એના ફળમાં જન્મ-મરણ થયા વિના રહેતા નથી.

એ રીતે અહીંયાં 'સમયસાર'ની ૧૭-૧૮ ગાથાના પ્રવચનમાં આ વિષય વિશેષ લીધો છે. ધ્રુવ પરિણામમાં આવતું નથી અને એ ધ્રુવની અહીંયાં દિશા દેખાડવી છે, એમ કહેવું છે. અહીંયાં ધ્રુવની દિશા દેખાડવી છે કે તેનાથી સમ્યગ્દર્શન આદિ ધર્મ પ્રગટ થઈ અને જન્મ-મરણનો અંત આવે. ૩૫૩ બોલ (પૂરો) થયો.

## પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીના ૧૦૨ મી જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે સુવર્ણપુરી સોનગઢમાં ધાર્મિક કાર્યક્રમ

પૂજ્ય ગુરુદેવશ્રીના મહાપુરાણના પાત્ર એવા પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીની આગામી ૧૦૨ મી જન્મજયંતિ તેઓશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં તા.૧૯-૫-૨૦૧૩ થી તા.૨૧-૫-૨૦૧૩ સુધી ત્રણ દિવસના ધાર્મિક કાર્યક્રમ સહિત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમ સોનગઢ સ્થિત 'ગુરુ-ગૌરવ' હૉલમાં ઉજવવામાં આવશે.

આ પ્રસંગે સવારમાં પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા (આશ્રમમાં), જિનદર્શન તથા પૂજન જિનમંદિરમાં, પૂજ્ય ગુરુદેવશ્રીનું સી.ડી. પ્રવચન સ્વાધ્યાય મંદિરમાં, ત્યારબાદ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' ઉપરના પ્રવચન 'ગુરુ-ગૌરવ' હૉલમાં, બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, પૂજ્ય સોગાનીજીનો ગુણાનુવાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં, સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ત્યારબાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં ભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત ઉજવવામાં આવશે.

તા.૨૧-૫-૨૦૧૩, પૂજ્ય સોગાનીજીના જન્મજયંતિ દિને પૂજ્ય ભાઈશ્રીના પ્રવચન બાદ જન્મવધામણા તથા ભક્તિ કરવામાં આવશે.

આ પ્રસંગમાં ભારતવર્ષીય સર્વ મુમુક્ષુ-ભાઈબહેનોને પધારવા માટે હાર્દિક નિમંત્રણ છે. આવનાર મુમુક્ષુઓ સંખ્યા સહિત પોતાની આવવાની વિગત સંસ્થાના કાર્યાલયમાં જણાવે તેવી વિનંતી.

**સંપર્ક : શ્રી સત્સુખ પ્રભાવક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧**

**આયોજક : શ્રી સત્સુખ પ્રભાવક ટ્રસ્ટ, ભાવનગર**

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત 'અનુભવ સંજીવની' ગ્રંથમાંથી કેટલાક વચનામૃતો

ચૈતન્ય સામાન્ય અભંગ અંગ છે - 'અનુભવ પ્રકાશ' [પર્યાય (ચૈતન્ય વિશેષ) ભંગ - અંગ છે.] ભંગ અંગમાં અહંબુદ્ધિ દુઃખ / આકુળતાને ઉત્પન્ન કરે છે. (૭૭)

❉

'સ્વરૂપે પૂર્ણ છું' - એમ જ્યાં અનુભવ થયો ત્યાં પર્યાયનું કર્તૃત્વ ઊડી જાય છે. ત્યારે પર્યાય સહજ શુદ્ધ થવા લાગે છે. તોપણ ક્યાંય કર્તાબુદ્ધિ થતી નથી - એ જ સ્વભાવબુદ્ધિ છે. (૭૮)

❉

સ્વરૂપના વિચારથી આગળ વધીને, નિજ અખંડ શુદ્ધ સ્વરૂપને જોતાં, પોતે જ ત્રિકાળ પૂર્ણાનંદથી ભરપૂર નિર્વિકલ્પ દેખાય છે, કે જેમાં વિકાર કરી શકાય / થઈ શકે તેવો અવકાશ જ નથી. અહો ! શુદ્ધ ચૈતન્ય સિવાઈ કાંઈ પોતાપણે દેખાતું નથી. (૭૯)

❉

અધ્યાત્મ તત્ત્વમાં ખરેખર રસ પડયો હોય તેને તે અંગેની બાહ્ય પ્રતિષ્ઠા (ધાર્મિક જગતની પ્રતિષ્ઠા) ની ચાહના હોતી નથી. માનની રુચિવાળાને આત્માની રુચિ નથી. - અધ્યાત્મનો યથાર્થ રસ પણ નથી; તેને સંયોગની રુચિ છે. (જગતમાં ધનના લાલસુની જેમ). (૮૦)

❉

ચૈતન્ય રસ સર્વોપરી રસ છે - અમૃતરસ છે, જેનો આવિર્ભાવ થતાં સર્વ પ્રકારના વિભાવરસ ફિક્કા પડી જાય છે, કારણ કે વિભાવરસ કરતાં સ્વભાવરસમાં અનંત શક્તિ વધારે છે. (૮૧)

❉

અનંત (ચૈતન્ય નિર્વિકાર) સામર્થ્ય સ્વરૂપના ભાસનમાત્રમાં વિકારનું બાષ્પીભવન થવા માંડે છે; વિભાવની જડ કપાવા માંડે છે; તો સાક્ષાત્ અનુભવમાં - વેદનમાં મુક્તિ અનન્યભાવે હોય તેમાં શું આશ્ચર્ય ?(૮૨)

❉

નિજપદ આરામનું ધામ - વિશ્રામ ધામ છે. તેને ભૂલીને - ચુકીને આરામ ક્યાંથી મળે ? તેને ભૂલીને આહારથી તૃપ્તિ કેમ થાય ? માત્ર આકુળતા થાય - વેદાય. તેને ભૂલીને અન્ય (મિત્રાદિ) સંગથી હૂંફ કેમ આવે ? માત્ર સંયોગની આકુળતામાં ભ્રાંતિથી હૂંફ મનાય. (૮૩)

❉

મિત્ર - પરિવાર વગેરે સંયોગની મીઠાશ જ્ઞાનીને ઉત્પન્ન થતી નથી. કારણકે સમ્યક્જ્ઞાનમાં બીજા જીવો (દ્રવ્યદૃષ્ટિ હોવાથી) માત્ર ચૈતન્યમૂર્તિ જણાય છે અને તેમના દેહાદિ પુદ્ગલો એટલા ગૌણ થઈ જાય છે કે જાણે દેખાતા જ નથી. (૮૪)

❉

સાધકની પર્યાયનો વિકારાંશ સ્વરૂપ ભાનરૂપી લગામમાં હોવાથી અત્યંત મર્યાદામાં છે. તે વિભાવ અંશ મર્યાદામાં ઉત્પન્ન થઈને ત્યાંને ત્યાં નબળો પડતો પડતો વ્યય પામે છે અને જ્ઞાનબળ વધતું જાય છે. મુક્ત ભાવની મસ્તી ખરેખર અલૌકિક છે. બીજાને તેનો ખ્યાલ આવતો નથી. (૮૫)



## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ ગ્રંથમાંથી દૃષ્ટિનું પરિણમન અને દૃષ્ટિના વિષય ઉપરના પૂજ્ય શ્રી સોગાનીજીના વચનામૃતો

મારો સ્વભાવ જ્ઞાન-દર્શન આદિથી ઠસોઠસ ભરેલો છે, તેમાં નવું કાંઈ કરવાનું નથી, કાંઈ વધારવાનું પણ નથી. (૫૧૨)

❈

પર્યાયમાં તીવ્રથી તીવ્ર અશુભ પરિણામ હોય અથવા ઉત્કૃષ્ટથી ઉત્કૃષ્ટ શુદ્ધ પર્યાય હોય, 'મારો' કાંઈપણ બગાડ-સુધાર નથી. 'હું તો તેવો ને તેવોજ છું.' (પર્યાયમાં એટલો ફેરફાર હોય પરંતુ દ્રવ્ય એકરૂપ રહે છે; તેથી કોઈપણ પ્રકારની ક્ષણિક-અનિત્ય પર્યાયનું મૂલ્ય, ધ્રુવ-નિત્યસ્વરૂપની આગળ નથી। (૫૨૨)

❈

પ્રૌઢ વિવેક : 'હું નિષ્ક્રિય ચિન્માત્ર વસ્તુ છું.' (૫૪૧)

❈

'દૃષ્ટિ' પરિણામ ઉપર રાખી છે તો (તેનું) મુખ દ્રવ્ય તરફ બદલવાનું છે; તે મુખ પણ પરિણામ બદલે છે; 'મારામાં' (ધ્રુવ સામાન્યમાં) તો મુખ પણ ક્યાં બદલવાનું છે ? 'હું તો જ્યાં છું ત્યાં જ છું,' બદલવું-ફરવું કાંઈ 'મારા'માં નથી. ('હું તો ધ્રુવ છું' એવી શ્રદ્ધાના પરિણામનમાં, પરિણામનું મુખ સ્વયં પલટીને આત્મોન્મુખી થઈ જાય છે.) (૫૫૨)

❈

પ્રશ્ન :- (આ બધી) સ્વભાવને મજબૂત કરવાની વાત છે ?

ઉત્તર :- સ્વભાવ તો મજબૂત જ છે. તેમાં બેસી જાઓ. (૫૬૧)

❈

આત્મા તો સમુદ્ર છે. સમુદ્રમાં જેમ મોજા ઊઠે છે અને પોતામાં જ વિલીન થઈ જાય છે; સમુદ્રને મોજાંની શું દરકાર ? તેમ અહીં પરિણામ ઊઠે છે અને સમાઈ જાય છે; મને (ધ્રુવ સ્વભાવ) સમુદ્રને તેની શું દરકાર ? (૫૬૨)

❈

(કેટલાક લોકો) સમજ્યા વિના દ્રવ્યમાં પર્યાય નથી... નથી – તેમ લઈ લે છે. પરંતુ 'પર્યાય નથી,' એમ કોણ કહે છે ? દૃષ્ટિનો વિષયભૂત – 'અપરિણામી' – પર્યાયથી ભિન્ન છે, તેમાં પર્યાયનો અભાવ છે, તેમાં પર્યાય નથી - એમ કહીએ છીએ. ('દ્રવ્ય' શબ્દનો પ્રયોગ બે પ્રકારે થાય છે : (૧) પ્રમાણના વિષયભૂત પદાર્થને દ્રવ્ય કહે છે. (૨) નિશ્ચયનયના વિષયભૂત અપરિણામી દ્રવ્યસ્વભાવને પણ દ્રવ્ય કહે છે. પહેલાંમાં પર્યાયનો સદ્ભાવ છે તથા બીજામાં અસદ્ભાવ છે. અતઃ જ્યાં જે પ્રકરણ છે ત્યાં તદઅનુસાર અર્થઘટન કરવું જોઈએ. (૫૬૬)

❈

'પરિણામમાંથી અહંપણું ખસવું અને ત્રિકાળ સ્વભાવમાં અહંપણું થવું,' તે શુદ્ધજીવનું (પરિણામસ્વભાવ) સ્વરૂપ છે. (૫૬૯)

❈




૨૨૩

મુંબઈ, ફાગણ વદ ૧૪, બુધ, ૧૯૪૭

**‘એ વિષયમાં અધિક લખવા જેવી દશા રહી નથી તે; અને બીજું કારણ ઉપાધિયોગ. ઉપાધિયોગ કરતાં વર્તતી દશાવાળું કારણ અધિક બળવાન છે; જે દશા બહુ નિઃસ્પૃહ છે; અને તેને લીધે મન અન્ય વિષયમાં પ્રવેશ કરતું નથી; અને તેમાં પણ પરમાર્થ વિષે લખતાં કેવળ શૂન્યતા જેવું થયા કરે છે;..... લેખનશક્તિ શૂન્યતા પામ્યા જેવી થવાનું કારણ એક એવું પણ છે કે ચિત્તમાં ઊગેલી વાત ઘણા નયયુક્ત હોય છે, અને તે લેખમાં આવી શક્તી નથી; જેથી ચિત્ત વૈરાગ્ય પામી જાય છે.’**

પત્રોત્તર સવિગત લખવાની ઇચ્છા થવા છતાં, અંતરમાં બળવાન નિરિચ્છક અધ્યાત્મપરિણતિને વશ, તે ઇચ્છા ક્વચિત્ જ પાર પડે છે. અંતર સ્વરૂપમય બળવાન પરિણતિ અને બહારમાં ઉપાધિયોગ–એમ પરસ્પર વિરુદ્ધ પરિસ્થિતિને લીધે પરમાર્થ સંબંધી પત્રવ્યવહાર કરવામાં ઉપયોગ ચાલતો નથી. બળવાન નિર્વિકલ્પ પરિણતિ ઉપયોગની પ્રવૃત્તિને એટલી હદે અટકાવે છે કે પરમાર્થ વિષે લખતાં પણ શૂન્યભાવ થઈ જાય છે. જો કે ભાવશૂન્યતા આવવાનું એક કારણ એવું પણ છે કે જ્ઞાનમાં અનેક નયોની સંધિયુક્ત કોઈ વાત ઊગે છે જે સ્પષ્ટપણે લખતાં, ઉપયોગ લખવાના વિસ્તારમાં લંબાવવો પડે, તેમ થવું–અધ્યાત્મદશાને લીધે-શક્ય નહિ હોવાથી ચિત્ત વૈરાગ્ય પામી જાય છે, અર્થાત્ લખવાના પરિણામનો રસ તૂટી નીરસપણું પ્રાપ્ત થઈ જાય છે. કૃપાળુદેવની આત્મરસની ઉગ્ર પરિણતિના અહીં દર્શન થાય છે કે જે આત્માકાર દશાને લીધે ઉપયોગ પારમાર્થિક લખાણના વિષયમાં પણ પ્રવેશ કરી શકતો નથી.

૨૨૮

મુંબઈ, ફાલ્ગુન, ૧૯૪૭

**‘સદુપદેશાત્મક સહજ વચનો લખવાં હોય ત્યાં પણ લખતાં લખતાં વૃત્તિ સંક્ષિપ્તપણાને પામે છે; કેમ કે તે વચનોની સાથે સમસ્ત પરમાર્થ માર્ગની સંધિ મળેલી હોય છે, તે વાંચનારને ગ્રહણ થવી દુષ્કર થાય અને વિસ્તારથી લખતાં પણ ક્ષયોપશમ ઉપરાંત વાંચનારને અવગાહવું કઠણ પડે. વળી લખવામાં કાંઈક બાહ્યાકાર ઉપયોગની પ્રવૃત્તિ કરવી પડે તે પણ થઈ શકતી નથી. આમ અનેક કારણસર પત્રોની પહોંચ પણ કેટલીક વાર લખાતી નથી.’**

આ વચનામૃતથી કૃપાળુદેવની અંતરંગદશા વિશેષપણે વ્યક્ત થાય છે. સત્ ઉપદેશાત્મક સહજ વચનો લખવામાં પણ બાહ્યાકાર ઉપયોગની પ્રવૃત્તિ થાય છે તે સહજપણે લખતાં લખતાં સંક્ષિપ્તપણાને પામે છે; બાહ્ય પ્રવૃત્તિમાં તેટલો રસ નથી કે જેથી તે પ્રવૃત્તિ ચાલે. અંતરમાં સ્વરૂપાકાર પરિણતિથી વિરુદ્ધ ઉપયોગ લંબાઈ શકતો નથી.

વળી, લિખિત વચનો સાથે જ્ઞાનમાં સમસ્ત પરમાર્થમાર્ગની સંધિયુક્ત અનેક બીજા પડખાંઓ પણ ઉત્પન્ન થાય છે જે વચનમાં અધ્યાહાર રહેવાથી, વાંચનારને તે વચનોનો યથાર્થપણે ગ્રહણ કરવું દુષ્કર થાય, તેથી પણ લખવાની વૃત્તિ સંકોચાય છે. જો અનેક પડખાનો વિસ્તાર કરવામાં આવે તો તેમાં પણ વાંચનારની યોગ્યતા અને ક્ષયોપશમથી આગળની કોટિના વિષય હોય તો પણ સમજવું કઠણ પડે અથવા ન સમજાય. આવા અનેક કારણોથી પત્રોનો ઉત્તર અને કેટલીકવાર તો પત્રોની પહોંચ પણ લખાતી નથી.

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

પ્રશ્ન :– વચનામૃતમાં આપે કહ્યું કે તીખો અને કરડો પુરુષાર્થ કરવો જોઈએ. તેમાં અમારે વધારે વાંચન કરવું, સત્સંગ કરવો કે ધ્યાન ધરવું ?

સમાધાન :– અંતર–પરિણતિનો વધારે પુરુષાર્થ કરવો. તેમાં તેને જ્યાં રુચિ લાગે તે કરે. પરિણતિને જો વાંચન લાભ કરે છે તેમ લાગે તો વાંચનમાં જોડાય, વિચારમાં લાભ વધારે લાગે તો તેમાં જોડાય ને સત્સંગમાં લાભ લાગતો હોય તો ત્યાં જોડાય. અંદર પુરુષાર્થની-જ્ઞાયક ધારાની-ઉગ્રતા કેમ થાય ? મારા ચૈતન્ય તરફ મારી પરિણતિ કેમ દઢ થાય ? મારી પ્રતીતિ દઢ થાય કે આ હું ચૈતન્ય જ છું, આ હું નથી- આ એક જ તેના પુરુષાર્થનું ધ્યેય છે. તે ધ્યેયની સાથે જ્યાં જ્યાં તેના પરિણામને ઠીક પડે-પરિણામ જ્યાં ટકી શકે અને વૃદ્ધિ થાય–તેવી જાતનાં કાર્યોમાં જોડાય. ધ્યાનમાં ઠીક લાગતું હોય તો ધ્યાનમાં જોડાય, પણ ધ્યાન યથાર્થ જ્ઞાનપૂર્વક હોય છે. પોતાના સ્વભાવને વિચાર કરીને ઓળખે કે આ જ્ઞાયક તે હું છું, પછી તેમાં એકાગ્ર થવાનો પ્રયત્ન કરે. એકાગ્રતા તે તેનું ધ્યાન છે. જો ધ્યાનથી ઉગ્રતા થતી હોય તો ધ્યાન કરે, પણ તે ધ્યાન જ્ઞાનપૂર્વક હોવું જોઈએ. વગર સમજ્યે ધ્યાન કરે કે વિકલ્પ છોડવાનો પ્રયત્ન કરે એટલે કે ક્યાં ઊભા રહેવું છે તેના ભાન વગર ને પોતાનું અસ્તિત્વ ગ્રહણ કર્યા વગર ધ્યાન કરે તો લાભ ન થાય. પ્રથમ સમજીને ધ્યાન કરે કે આ ચૈતન્ય તે હું, આ હું નથી. પછી તેમાં એકાગ્ર થવાનો તીખો પુરુષાર્થ કરે, તો એકાગ્રતાનો લાભ થાય. તે યથાર્થ સમજણપૂર્વક હોવું જોઈએ. પણ તેને યથાર્થ જ્ઞાન કરવા માટે વિચાર સાથે વાંચન, સત્સંગ હોય. પછી એકાગ્રતા કરવા માટે ધ્યાન કરે; પણ તે સમજણપૂર્વક ધ્યાન હોવું જોઈએ. **(સ્વાનુભૂતિદર્શન-૩૨૮)**

❈

પ્રશ્ન :– પુરુષાર્થની મંદતામાંથી તીવ્રતા કરવા માટે શું કરવું ?



સમાધાન :– પુરુષાર્થની તીવ્રતા પોતાને જ કરવાની છે. પોતાની જરૂરિયાત પોતાને જ જણાય કે મારે મારા સ્વભાવની જ જરૂરિયાત છે, આ બીજી કોઈ જરૂરિયાત મને નથી. આ બધું જરૂરિયાત વગરનું છે. મારે સ્વભાવ જોઈએ છે, તેમાં બધું ભર્યું છે. આ રીતે જો તેની જરૂરિયાત જણાય તો તેને પુરુષાર્થની તીવ્રતા થાય. આ મનુષ્યભવમાં ગુરુદેવ મળ્યા. માટે મારે પલટો કર્યે જ છૂટકો છે તેમ પોતાની જરૂરિયાત જણાય તો તેની રુચિની તીવ્રતા થાય. જિજ્ઞાસુને ભલે હજી એકત્વબુદ્ધિ તૂટતી નથી, પણ વારંવાર તોડવાનો અભ્યાસ કરે તો પોતે જાગ્યા વગર રહેતો જ નથી. બાળક હોય તે ચાલતા શીખે ત્યારે આમ કરે ને તેમ કરે એમ વારંવાર અભ્યાસ કરે, તેમ પોતે પોતા તરફ જવા માટે વારંવાર અભ્યાસ કરે કે આ કાંઈ જોઈતું નથી. ગુરુદેવે કહ્યું છે કે તું ચૈતન્ય છો અને ચૈતન્યને ઓળખ, તેમાં લીન થા. તે કરવા જેવું છે. જો તેની જરૂરિયાત જણાય તો વારંવાર અભ્યાસ કર્યા જ કરે. યથાર્થ અભ્યાસ કરે તો તેનું ફળ આવ્યા વગર રહેતું જ નથી. **(સ્વાનુભૂતિદર્શન-૩૨૯)**

❈

પ્રશ્ન :– દેડકા જેવાને ક્ષણમાં સમ્યક્ત્વ થઈ જાય છે. આ તો ચમત્કૃતિ ગણાય ?

સમાધાન :– તેની પરિણતિ એવી જોરદાર ઊપડે છે કે અંતર્મુહૂર્તમાં પલટો ખાય છે. ભલે દેડકો તિર્યંચ હોય પણ અંતર્મુહૂર્તમાં એવી ઉગ્ર પરિણતિ થાય છે કે અંતર્મુહૂર્તમાં પલટો ખાય છે. કેટલાકને અભ્યાસ કરતાં-કરતાં પલટો ખાય છે. ચૈતન્યચક્રની દિશા પર તરફ હતી, તે દિશા આખી અંતર્મુહૂર્તમાં પલટાઈ જાય છે. અંતરમાં ચૈતન્યની કોઈ અદ્‌ભુત શક્તિ છે. અચિંત્ય ચૈતન્યદેવ જ એવો છે કે પલટે તો પોતાથી અંતર્મુહૂર્તમાં પલટે છે અને ન પલટે તો અનંતકાળ ચાલ્યો જાય તેવું છે. **(સ્વાનુભૂતિદર્શન-૩૩૦)**

આત્મયોગી, મુમુક્ષુજીવોના પરમ તારણહાર સૌમ્યમૂર્તિ
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના વાર્ષિક સમાધિદિને ભાવભીના
શ્રદ્ધાસુમન સહિત કોટિ કોટિ પ્રણામ.



હે કરુણાસિંધુ ! આ નિકૃષ્ટકાળમાં સ્વાનુભૂતિમય મોક્ષમાર્ગપર્યંત પહોંચવા
માટેનો આત્મ ઉન્નતિનો પ્રશસ્ત ક્રમ નિષ્કારણ કરુણતાશીલતાથી પ્રકાશી
અમારા પથપ્રકાશક બની નિર્ભ્રાંતદર્શનની કેડી બતાવી અપૂર્વ અને
અનુપમ ઉપકાર કર્યો છે. તેને વાણી દ્વારા વ્યક્ત કરવો અશક્ય અને
અસંભવ છે. છતાં આપના ઉપકાર સ્મૃતિદિને આપના ઉપકારોને
હૃદયગત કરી આત્મહિતને સાધીએ એ જ ભાવના.
મન-વચન-કાય યોગે જાણતા-અજાણતા જે કાંઈ વિરાધના, અશાતના,
અપરાધ થયા છે તે સૌની શુદ્ધ અંતઃકરણપૂર્વક ક્ષમા યાચીએ છીએ.
આપ પરમકૃપાળુ પરમદયાળના ચરણોમાં શુદ્ધચિત્તથી
નમસ્કાર હો, નમસ્કાર હો.

*– સ્વાનુભૂતિપ્રકાશ પરિવાર*